**રાજકોટ શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.**

**સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૦૬/૨૦૨૦ ની સારી કામગીરી**

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | 62 | 10,19,101/- | કુલ ૬૨ કિંમત રૂ. ૧૦,૧૯,૧૦૧/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | 68 | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | 205 | - | કુલ- ૨૦૫ અરજીમાં રૂ. ૫૪૬૭૭/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

PRESS NOTE

# જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા તથા રહેણાંક મકાનમાં જુગાર રમતા ઇસમોને પકડી જુગારધારા મુજબ બે અલગ અલગ તેમજ પ્રોહીબીશન દેશી દારૂ લી.૭૦ સાથે મળી આવતા પ્રોહીબીશન મુજબ કાયદેસરની કાર્યવાહી કરતી પ્રધ્યુમનનગર પોલીસ

. પોલીસ કમિશ્નર સાહેબશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સા.તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ શ્રી પી.કે.દિયોરા.સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે.એચ. સરવૈયા સાહેબનાઓની સુચના અન્વયે પ્રોહી/જુગારના ગુન્હા શોધી કાઢવા અંગે મળેલ સુચના મુજબ અમારા માર્ગદર્શન મુજબ પ્ર.નગર પો.સ્ટે.ના પો.હેડકોન્સ વિજયસિંહ જાડેજા તથા પો.હેડ કોન્સ. વિરભદ્રસિંહ જાડેજા તથા પો કોન્સ. જયેન્દ્રસિંહ પરમારને મળેલ ખાનગી બાતમીના આધારે રાજકોટ શહેર પરસાણાનગર શેરી નં.૬ ખાતે રહેણાંક મકાનમાં ગંજીપતાથી તીનપતીનો હારજીતનો જુગાર રમતા મહિલા તથા પુરુષ મળી કુલ-૭ આરોપીઓ ને પકડી ગંજીપતાના પાના નંગ ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા રોકડા રૂ.૧૩,૧૦૦/- ના મુદામાલ સાથે મળી આવતા જુગારધાર ક.૪,૫ મુજબનો ગુનો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

તેમજ પ્ર.નગર પો.સ્ટે. ના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હોય દરમ્યાન પો.હેડ કોન્સ વિજયસિંહ જાડેજા તથા પો.કોન્સ. જયેન્દ્રસિંહ પરમાર તથા મહાવિરસિંહ જાડેજાને મળેલ ખાનગી બાતમીના આધારે ભીલવાસ શેરી નં.૧ માં વિહોત માતાના મંદિર પાસે જાહેરમાં ઘોડીપાસા વતી જુગાર રમતા કુલ-૩ ઇસમોને પકડી ઘોડીપાસા પાના નંગ ૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા રોકડા રૂ.૧૦,૧૦૦/- ના મુદામાલ સાથે મળી આવતા જુગારધાર ક. ૧૨ મુજબનો ગુનો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

તેમજ પ્ર.નગર પો.સ્ટે.ના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હોય દરમ્યાન પ્ર.નગર પો.સ્ટે.ના પો.સબ ઇન્સ. બી.વી.બોરીસાગર તથા પો.કોન્સ. યુવરાજસિંહ જાડેજાને મળેલ બાતમી આધારે ગાયકવાડી શેરી નં. ૩ માંથી કાળા કલરની ઓટો રીક્ષા નં. GJ-17-TT-4732 વાળામાં કેફી પ્રવાહી (દેશી દારૂ) લીટર ૭૦ કિ. રૂા. ૧૪૦૦/- તથા ઓટો રીક્ષા નં. GJ-17-TT-4732 કિ.રૂા. ૨૦,૦૦૦/- મળી કુલ મુદામાલ ૨૧,૪૦૦/-ના મુદામાલ સાથે એક મહિલા તથા એક પુરૂષ ઇસમ મળી આવતા પ્રોહી કલમ ૬૫એ,ઇ,૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો રજી. કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

► ગુન્હા તથા આરોપીઓની વિગત

| અ.નં. | ગુ.ર.નં. | કબ્જે કરેલ મુદ્દામાલ | આરોપીનુ નામ |
|---|---|---|---|
| ૧ | ૦૮૨૯/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫એ,ઇ, ૮૧, ૯૮(૨) | દેશી દારૂ લીટર ૭૦ કિ. રૂા. ૧૪૦૦/- તથા ઓટો રીક્ષા નં. GJ-17-TT-4732 કિ.રૂા. ૨૦,૦૦૦/- મળી કુલ મુદામાલ ૨૧,૪૦૦/-નો મુદામાલ | (૧) હરેશ પરસોતમભાઇ મકવાણા જાતે દે.પુ. ઉ.વ.૩૦ ધંધો. ડ્રાઇવીંગ રહે. ગાયકવાડી શેરી નં ૩ કીટીપરા રાજકોટ શહેર તથા નં (૨) જ્યોત્સના બીપીનભાઇ કુંવરીયા જાતે દેવીપુજક ઉ.વ. ૩૫ ધંધો ઘરકામ રહે ગાયકવાડી શેરી નં ૩ રાજકોટ શહેર |
| ૨ | ૦૮૩૦/૨૦૨૦ જુધા. કલમ-૧૨ મુજબ | ગંજીપતાના પાના નંગ ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા રોકડા રૂ.૧૩,૧૦૦/- ના મુદામાલ | (૧) દિપક ભીખુભાઇ મુલીયાણા ઉ.વ.૩૮ ધંધો.મજુરી રહે. કુલછાપ ચોક ભીલવાસ શેરી નં ૧ રાજકોટ શહેર મો.નં નથી (૨)દાદુભાઇ સીદીભાઇ શેખ ઉ.વ.૬૨ ધંધો. ડ્રાઇવીંગ રહે.ધરમસીનેમા સામે વલી શેઠનો ડેલો રાજકોટ શહેર મો.નં ૮૧૪૦૪૮૭૬૮૬(૩) જાહીદ હુસેનભાઇ એરડીયા ઉ.વ.૪૨ ધંધો.ડ્રાઇવીંગ રહે.બાબરીયા કોલોની ૨/૭ ભકતીનગર રાજકોટ શહેર મો.નં ૯૮૯૮૮૪૫૮૦૫ |
| ૩ | ૦૮૩૧/૨૦૨૦ જુધા. કલમ-૪,૫ મુજબ | ઘોડીપાસા પાના નંગ ૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા રોકડા રૂ.૧૦,૧૦૦/- ના મુદામાલ | (૧) કોમલબેન વા/ઓ સુરેશભાઇ થાવરાણી જાતે. સીંધી ઉ.વ ૪૦ રહે. પરસણાનગર શેરી નં. ૬. રાજકોટ (૨) લીલાબેન વા/ઓ પ્રવિણભાઇ વાણિયા ઉ.વ ૫૦ રહે. પરસાણાનગર શેરી નં. ૬ |

| | | | |
|---|---|---|---|
| | | | રાજકોટ (૩) ધર્મિષ્ઠાબેન ડો/ઓ સુરેશભાઇ પુજરા ઉ.વ ૨૬ રહે. રહે. પરસાણાનગર શેરી નં. ૬. રાજકોટ (૪) હંસાબેન વા/ઓ જમટમલ રામનાણી ઉ.વ ૫૭ રહે હંસરાજનગર શેરી નં. ૨/૪ નો ખુણો. રાજકોટ શહેર (૫) હિતેષભાઇ કાનાભાઇ વાઢેર ઉ.વ ૩૫ રહે. પરસાણાનગર શેરી નં. ૬ રાજકોટ (૬) મયુરભાઇ તુલસીદાસ તન્ના ઉવ. ૨૯ રહે. શાંતિનિકેતનપાર્ક-૩ રૈયાચોકડી પાસે રાજકોટ (૭) નિર્મળાબેન વા/ઓ જયંતિભાઇ વાઘેલા ઉ.વ. ૫૨ રહે. પરસાણાનગર શેરી નં.૬. રાજકોટ શહેર |

- <u>કામગીરી કરનાર અધિકારીશ્રી/ સ્ટાફ :-</u>

પો.ઇન્સ. વી.એસ.વણઝારા તથા પો.સબ ઇન્સ. બી.વી.બોરીસાગર તથા એ.એસ.આઇ. સંજયભાઇ દવે તથા પો.હેડ કોન્સ વિજયસિંહ જાડેજા તથા વિરભદ્રસિંહ જાડેજા તથા જનકભાઇ કુગશિયા પો.કોન્સ જયેન્દ્રસિંહ પરમાર તથા યુવરાજસિંહ જાડેજા તથા મહાવીરસિહ જાડેજા તથા કિશોરસિંહ ઝાલા તથા મહિલા પો.કોન્સ. પુર્વિકાબેન ગોંડલીયા

તા. ૦૩/૦૬/૨૦૨૦

(વી.એસ.વણઝારા)
પોલીસ ઇન્સ્પેક્ટર
પ્ર.નગર પો.સ્ટે.
રાજકોટ શહેર

<u>પ્રેસ નોટ</u>

## છેલ્લા ૧૨ વર્ષથી પેન્ડીંગ પાસા વોરન્ટ ની બજવણી કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પો.સ્ટે. વિસ્તારમા ઉર્વશીબેન ઉર્ફે પુનમબેન ડો / ઓ અજીતસિંહ રાણા તથા જયશ્રીબેન ઉર્ફે જયોતીબેન વા/ઓ કિરીટભાઇ જોષી નાઓ ઇમોરલ ટ્રાફીકીંગ નો વ્યવસાય કરતા હોય જેથી સદરહુ બાબતે પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન દ્વારા સચોટ હકિકત મેળવી રેઇડ કરી ઉપરોકત મહિલાઓને પકડી પાડેલ જે બાબતે રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન ખાતે ગઇ તા.૦૪/૭/૨૦૦૮ ના રોજ સે. ગુ.ર.નંબર ૮૩/૨૦૦૮ ઇમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ ૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫, ૭ તથા ઇ.પી.કો. કલમ ૪૨૦ મુજબ નો ગુન્હો રજિસ્ટર કરવામા આવેલ.

જે ગુન્હાના કામે અટક કરવામા આવેલ આરોપી ઉર્વશીબેન ઉર્ફે પુનમબેન ડો / ઓ અજીતસિંહ રાણા ઉવ.૪૨ રહે. વાસણા રોડ પ્રાણેશ્વર મંદિર ની પાસે રવી પાર્ક સોસાયટી વડોદરા, તથા જયશ્રીબેન ઉર્ફે જયોતીબેન વા/ઓ કિરીટભાઇ જોષી રહે. પાવન પાર્ક સી-૯, સત્યસાઇ હોસ્પિટલ પાસે, રાજકોટ વાળાની ધરપકડ કરવામા આવેલ અને જે આરોપીઓની આવી ગે.કા. પ્રવૃતિ બંધથાય તેવા હેતુથી તેઓ વિરૂધ્ધ પ્રધ્યુમનનગર પો.સ્ટે. ખાતેથી પાસા પ્રપોઝલ તૈયાર કરવામા આવેલ હતી જે અંગે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ દ્વારા મજકૂર ઉપરોકત બન્ને આરોપી બહેનો વિરૂધ્ધ સને ૨૦૦૮ મા પાસા વોરન્ટ જાહેર કરવામા આવેલ હતુ અને જે પાસા વોરન્ટ બજવણી અર્થે પ્રધ્યુમનનગર પો.સ્ટે. ખાતે મોકલી આપવામા આવેલ જે પાસા વોરન્ટની બજવણી રાજકોટ શહેર પ્રધ્યમુનનગર પો.સ્ટે. તથા ડી.સી.બી. પો.સ્ટે. ખાતેથી કરવા તજવીજ કરવામા આવેલ પરંતુ બન્ને પાસા અટકાયતી બહેનો જે પોતાની ધરપકડ ટાળવા દેશના અલગ અલગ શહેરોમા નાશતા ફરતા હોય જેમા સને ૨૦૧૮ મા જયશ્રીબેન ઉર્ફે જયોતીબેન વા/ઓ કિરીટભાઇ જોષી રહે. પાવન પાર્ક સી-૯, સત્યસાઇ હોસ્પિટલ પાસે, રાજકોટ વાળાઓ વડોદરા ખાતેથી મળી આવતા તેઓને પાસા વોરન્ટની બજવણી કરવામા આવેલ તેમજ મુખ્ય આરોપી બહેન ઉર્વશીબેન ઉર્ફે પુનમબેન ડો / ઓ અજીતસિંહ રાણા ઉવ.૪૨ રહે. વાસણા રોડ પ્રાણેશ્વર મંદિર ની પાસે રવી પાર્ક સોસાયટી વડોદરા વાળાઓને સદરહુ બાબતની જાણ થતા તેઓએ પોતાની ધરપકડ ટાળવા નાશતા ફરતા હોય જે દરમ્યાન તેઓએ સને ૨૦૧૯ મા નામદાર ગુજરાત હાઇકોર્ટમા પાસા હુકમ રદ કરવા અરજી કરવામા આવેલ જે અરજી અન્વયે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પાસા અટકાયતી બહેનને અટક કરવા પર સ્ટે આપવામા આવેલ.

જે ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાજકોટ શહેરના ઉચ્ચ અધિકારીશ્રીઓ ને સદરહુ પાસા વોરન્ટ બાબતે બોલાવી અને ઉર્વશીબેન ઉર્ફે પુનમબેન ડો / ઓ અજીતસિંહ રાણા ના પાસા વોરન્ટની બજવણી કરી સકશો તેમ જણાવતા રાજકોટ શહેરના ઉચ્ચ અધિકારીશ્રીઓએ નામદાર કોર્ટને સદરહુ પાસા અટકાયતીને ટુંક સમયમા તપાસ કરી પાસા વોરન્ટની બજવણી કરી આપવાની બાહેંધરી આપતા નામદાર કોર્ટે સને ૨૦૨૦ મા પાસા વોરન્ટની બજવણી કરવા ઉપરનો સ્ટે હટાવી લેવામા આવેલ.

જેથી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબે સદરહુ પાસા વોરન્ટ અટકાયતીની તપાસ કરી તાત્કાલીક પાસા વોરન્ટની બજવણી કરવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જયદિપસિંહ સરવૈયા સાહેબ તથા ડી.સી.બી. પો.સ્ટે. ના પો. ઇન્સ. શ્રી એચ. એમ. ગઢવી સાહેબ ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ખાતેના

પો. સબ ઇન્સ. પી. એમ. ધાખડા ની ટીમને સદરહુ પાસા અટકાયતી ની તપાસ કરી પાસા વોરન્ટની બજવણી કરવા સુચના કરવામા આવેલ હોય જેથી ડી.સી.બી. પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. પી. એમ. ધાખડા તથા તેમની ટીમ દ્વારા સદરહુ પાસા અટકાયતી ની તપાસ કરવામા આવેલ તેમજ સદરહુ પાસા અટકાયતી ઉર્વશીબેન ઉર્ફે પુનમબેન ડો / ઓ અજીતસિંહ રાણા ઉવ.૪૨ રહે. વાસણા રોડ પ્રાણેશ્વર મંદિર ની પાસે રવી પાર્ક સોસાયટી વડોદરા ખાતે હોવાની સચોટ માહિતી મળતા ડી.સી.બી. પો.સ્ટે. ખાતેથી પો. સબ ઇન્સ. પી. એમ. ધાખડા, પો. હેડ કોન્સ. મયુરભાઇ પટેલ, પો. કોન્સ. કુલદિપસિંહ જાડેજા, સંજયભાઇ રૂપાપરા, અમીનભાઇ ભલુર તથા મહિલા પો. કોન્સ. તોરલબેન જોષી ની ટીમ બનાવી તેઓને તાત્કાલીક વડોદરા ખાતે જઇ પાસા અટકાયતી ને પાસા વોરન્ટ બજવણી કરવા જણાવતા જેઓ દ્વારા વડોદરા ખાતે જઇ અને પાસા અટકાયતીની તપાસ કરતા જેઓ કર્મ બંગ્લોઝ-૧૪ શ્રીજી કૃપા સોસાયટી, ગૌત્રી રોડ ન્યુ મેડીકલ કોલેજની બાજુમા વડોદરા ખાતેથી મળી આવતા જેઓને પાસા વોરન્ટની બજવણી કરવાની હોય જેથી પ્રથમ તેઓનો સરકારી હોસ્પિટલ વડોદરા ખાતે કોરોના વાયરસ અંગેનો ટેસ્ટ કરાવવામા આવેલ અને જે કોરોના વાયરસનો ટેસ્ટ રિપોર્ટ નેગેટીવ આવતા જેઓને તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ પાસા વોરન્ટની બજવણી કરી વડોદરા જેલ હવાલે કરવામા આવેલ છે તેમજ સદરહુ પાસા અટકાયતીને પાસા વોરન્ટ ની બજવણી કરવા અગાઉ પ્રયત્ન કરવામા આવેલ પરંતુ તેઓ નાશતા ફરતા હોય જેથી પાસા વોરન્ટની બજવણી થઇ શકેલ ન હોય જે બાબતે તેઓ વિરૂધ્ધ પ્રધ્યુમનનગર પો.સ્ટે. ખાતે પાસા ધારા હેઠળ સે. ગુ.ર.નંબર ૩૫/૨૦૦૯ ગુજરાત અસામાજીક પ્રવૃતિ પ્રતિબંધક ધારા ૧૯૮૫ ની કલમ ૮૨(૨) મુજબ ગુન્હો રજી. કરવામા આવેલ હોય જે ગુન્હાના કામે સદરહુ પાસા અટકાયતી ની ધરપકડ કરવા કાર્યવાહી કરવામા આવનાર છે.

સદરહુ પાસા વોરન્ટની બજવણી કરી સારી કામગીરી કરનાર ડી.સી.બી. પો.સ્ટે., પી.સી.બી., તથા ટેકનિકલ ટીમના અધિકારીઓ તથા કર્મચારીઓ ને રૂ.૧૫,૦૦૦/- નુ ઇનામ આપવાની રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબે જાહેરાત કરેલ છે.

સ્થળ – રાજકોટ શહેર,

તા.૦૪/૦૬/૨૦૨૦

PRESS NOTE

RAJKOT CITY CRIME BRANCH

**<u>ઇગ્લીશ દારૂની બોટલ નંગ-૧૪૪ ના જથ્થા સાથે એક ઇસમને પકડી પાડતી</u>**

**<u>રાજકોટ શહેર કાઇમ બ્રાન્ચ</u>**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર કાઇમ શ્રી જયદિપસિંહ સરવૈયા સા. નાઓએ પ્રોહી જુગારની પ્રવૃતિ સદંતર નાબુદ કરવા માટે અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા પો.ઇન્સ. એચ.એમ.ગઢવી ના સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે. ના એ. એસ. આઇ. વિજયસિંહ ઝાલા, જયુભા પરમાર, રાજદિપસિંહ ગોહિલ તથા પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ડી. ઝાલા, હરદેવસિંહ જાડેજા તથા પો. કોન્સ. એભલભાઇ બરાલીયા, સોકતભાઇ ખોરમ નાઓ એ પ્રોહી જુગાર અંગે પેટ્રોલીંગમા હોય જે દરમ્યાન એ.એસ.આઇ. જયુભા પરમાર, પો. હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા નાઓની સયુંકત હકિકત આધારે રાજકોટ શહેર, ભાવગર રોડ, રાજમોતી મીલ પાછળ, મયુરનગર ખાતેથી.

<u>આરોપી -</u>

(૧) પ્રવિણભાઇ દેવશીભાઇ ગાબુ જાતે કોળી ઉવ. ૩૧ રહે. મયુરનગર શેરી નંબર ૧ રાજમોતીમીલની બાજુમાં ભાવનગર રોડ રાજકોટ તથા

(૨) હાજર મળી નહી આવેલ ધવલ ધીરેનભાઇ પુજારા

વાળાઓ પાસેથી અલગ અલગ બ્રાન્ડની ઇગ્લીશ દારૂની <u>બોટલ નંગ ૧૪૪ કિ.રૂ. ૫૯,૨૨૦/- તથા એક મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/-</u> મળી કુલ કિ.રૂ. ૫૯,૭૨૦/- <u>ના મુદામાલ</u> સાથે મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

તા.૦૮/૦૬/૨૦૨૦,

( એચ.એમ.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર.

- : પ્રેસ નોટ :-

| | | |
|---|---|---|
| | રાજકોટ શહેર<br>ક્રાઇમ બ્રાન્ચ | Gujarat Police<br>ગુજરાત પોલીસ |

## રાજકોટ, રૈયાધાર ડ્રીમસીટી પાછળથી સ્કોર્પીઓ કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે કુલ રૂ. ૧૦,૨૫,૫૮૦/- નો મુદામાલ ઝડપી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુર્શીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૧ શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન - ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓએ શહેર વિસ્તારમાં ગે.કા. ઇંગ્લીશ દારુની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવા વધુને વધુ કેશો શોધી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે એ.સી.પી ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ તથા અમો પોલીસ ઇન્સ્પેકટર એચ.એમ.ગઢવીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ધાંધલ્યાની ટીમના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ રઘુવીરસિંહ વાળા, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશભાઇ બાળાને મળેલ ચોકકસ બાતમી હકીકતના આધારે રાજકોટ રૈયાધાર ડ્રીમસીટી પાછળ, રૈયારોડ, ખાતેથી સ્કોર્પીઓ કાર માથી ગે.કા. ભારતીય બનાવટના વિદેશી દારુ સાથે નીચે જણાવેલ મુદામાલ પકડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:-

(૧) સંજય ભીખુભાઇ શીયાર ઉ.વ. 30 રહે. રૈયાધાર ડ્રીમસીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ ભાડેથી મુળ રહે. જામનગર, ગુલાબનગર શેરી નં. ૧ સતવારા સમાજની પાછળ જામનગર

(૨) રાજ પરબતભાઇ કેસવાલા ઉ.વ. ૨૮ રહે. પાટીદાર ચોક, ધર્મ પાર્ક સોસાયટી શેરી નં. ૨ સાધુવાસવાણી રોડ, રાજકોટ મુળ રહે. પોરબંદર

(૩) ભરત બટુકભાઇ ચંદ્રેસા ઉ.વ. 30 રહે. જામનગર, ગુરુધ્વાર રોડ, ઇન્દીરા રોડ, સાઇબાબા મંદીરની બાજુમાં મ.પરા જામનગર

કબ્જે કરેલ મુદામાલ:-

(૧) બ્લેક એન્ડ વ્હાઇટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ - ૬ કિ.રૂ. ૮૪૦૦/-

(૨) વેટ - ૬૯ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ - ૪ કિ.રૂ. ૪૭૦૦/-

(૩) રોયલ ચેલેન્જ ફીનેસ્ટ પ્રીમીયર વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ - ૨૪ કિ.રૂ. ૧૨,૪૮૦/-

(૪) સ્કોર્પીઓ કાર નં. જી.જે.03.એલ.જી.૫૧૦૫ કિ.રૂ. ૧૦,૦૦,૦૦૦/-

કુલ કિ.રૂ. ૧૦,૨૫,૫૮૦/- નો મુદામાલ

કામગીરી કરનાર અધિકારી તથા સ્ટાફના નામ:-

રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ધાંધલ્યા તથા પો.હે.કો. સુભાષભાઇ ઘોઘારી, રાજેશભાઇ બાળા, રઘુવીરસિંહ વાળા, સિધ્ધરાજસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, તથા પોલીસ કોન્સ્ટેબલ શકિતસિંહ જાડેજા, શકિતસિંહ ગોહિલ નાઓ ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

તા. ૨૯/૦૬/૨૦૨૦

(એચ.એમ.ગઢવી)
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

PRESS NOTE

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર, મોરબી તથા સુરેન્દ્રનગર જીલ્લા ની અસંખ્ય ચોરીઓનો ભેદ ઉકેલી મુદામાલ સાથે ચાર આરોપીઓને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ સાહેબ નાઓ દ્વારા રાજકોટ શહેરમાં મીલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમા થયેલ ઘરફોડ ચોરી ,લુંટ તથા વાહન ચોરીના અન-ડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે એ.સી.પી.ક્રાઇમ શ્રી જયદીપસિંહ સરવૈયા સાહેબ તથા અમો પોલીસ ઇન્સપેક્ટર એચ.એમ.ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ ડી.સી.બી.પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ.પી.એમ.ધાખડા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના પો.હેડ કોન્સ. મયુરભાઇ પટેલ તથા પો.કોન્સ. કુલદીપસિંહ જાડેજા, નગીનભાઇ ડાંગર, નાઓને મળેલ હકિકત આધારે ભાવનગર રોડ થોરાળા રામનગર માંથી નીચે જણાવેલ આરોપીને મુદામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

➢ પકડાયેલ આરોપીઓ-

(૧) મોહસીનશાહ ઉર્ફે આશીફ સ/ઓ જુસબશાહ રાઠોડ જાતે. શાહમદાર ફકીર ઉ.વ. ૨૫ ધંધો. મજુરી હાલ રહે. જાલી રોડ તા.વાંકાનેર જી.મોરબી તથા જુનો ભરવાડ વાસ ખોડલ મંગલ ચોક થાનગઢ જી.સુરેન્દ્રનગર

(૨) જહાગીરશા રહેમાનશા રાઠોડ જાતે ફકીર મુસ્લીમ ઉ.વ. ૩૫ ધંધો- મજુરી કામ રહે. હાલ થોરાળા રામનગર શેરી નંબર -૨ ઇબ્રાહીમભાઇ ના મકાન મા ભાડાથી મુળ રહે. થાન ભીડભંજન સોસાયટી ધોધા ગેરેજ ની પાછળ જી. સુરેન્દ્રનગર

(૩) સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ સ/ઓ અલ્લારખાભાઇ શામદાર જાતે ફકીર મુસ્લીમ ઉ.વ. ૩૮ ધંધો મજુરી કામ રહે. થાન ભીડભંજન સોસાયટી ધોધા ગેરેજ ની પાછળ જી. સુરેન્દ્રનગર

(૪) મીતુલ પ્રવીણભાઇ પરમાર જાતે સુથાર ઉ.વ. ૨૧ ધંધો મીસ્ત્રીકામ રહે. વીરાજનગર મેળાના મેદાન પાસે થાન જી. સુરેન્દ્રનગર

➢ કબ્જે કરેલ મુદામાલ

(૧) રોકડા રૂ. ૪૯૫૦/-

(૨) ચાંદીની મુર્તી નંગ-૩

(૩) મોટરસાયકલ -૫ (સ્પ્લેન્ડર મો.સા.-૩ તથા સાઇન મો.સા.-૧ તથા એકટીવા મો.સા.-૧ )

(૪) સબમર્સીબલ પંપ સેટ-૧

(૫) ૫ હોર્સપાવર ની કુવાની મોટર (દેડકો) - ૧

(૬) અલગ અલગ ગેસના બાટલા નંગ-૬

(૭) એલ.ઇ.ડી. ટીવી નંગ -૧

(૮) ગ્રાઇન્ડીગ મશીન નંગ -૫

(૯) ટેબલ પંખા નંગ-૨

(૧૦) ૪૦ વોલ્ટ ના એચ.પી.એલ કંપની ના લેમ્પ નંગ-૨

(૧૧) ગેસ નો ચુલો નંગ-૧

(૧૨) પ્લાસ્ટીક ની કોથળીઓને સીલાઇ કરવાનુ મશીન નંગ-૧

(૧૩) ગ્રાઇન્ડીંગ વ્હીલ નંગ -૧૯

(૧૪) કટીંગ વ્હીલ નંગ -૩

(૧૫) પકડ નંગ- ૩, ફલેકસીબલ પાનુ -૧ , ડીસમીસ સેટ -૧, પાના નંગ-૮, નાની કુહાડી નંગ -૧, રક્ષા કંપની નુ પાઉચ નંગ -૧, હાથના મોજા પકેટ નંગ-૭, એરેલ ડાઇટ ટયુબ નંગ -૬, વાયર ટેપ નંગ-૪

એમ કુલ કી.રૂ. ૧,૪૧,૧૦૦/- નો મુદામાલ કબ્જે કરવામા આવેલ છે

<u>ગુન્હો કરવાની એમ.ઓ -</u>

રાત્રીના સમયે બંધ કારખાના ,ફાર્મહાઉસ તથા દુકાનો ના તાળા તોડી ચીજવસ્તુ ની ચોરી તથા શેરી મા પાર્ક કરેલ વાહનો ની ચોરી કરવાની ટેવ વાળા છે.

➢ <u>આરોપીઓ એ આચરેલ ગુન્હાઓ</u>

(૧) આશરે ત્રણેક મહિના પહેલા મોહસીનશાહ ઉર્ફે આશીક સ/ઓ જુસબશાહ રાઠોડે ચોટીલા પાસે થાન રોડ તરફ જતા એક સોસાયટીમાંથી એક સ્પ્લેન્ડર મો.સાની ચોરી કરેલ હતી જે સ્પ્લેન્ડર મો.સા. નંબર જી.જે. 03 કે એમ. ૬૭૬૧ કબજે કરેલ છે તે છે. જે અંગે <u>ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નંબર- ૧૧૨૧૧૦૦૯૨૦૦૧૯૧ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.</u>

(૨) બાદ આશરે અઢી મહિના પહેલા મોહસીનશાહ ઉર્ફે આશીક તથા મીતુલ પરમારે મળીને વાકાનેર દીવાનપરા પાંજરાપોળ રોડ ખાતે થી એક સ્પ્લેન્ડર મો.સા નંબર G J 36 K 2728 ની ચોરી કરેલ હતી.જે અંગે <u>વાકાનેર શહેર પો.સ્ટે. ગુ.ર.નંબર - ૧૧૧૮૯૦૦૭૨૦૦૪૫૫/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ છે</u>

(૩) આશરે અઢી મહિના પહેલા મોહસીનશાહ ઉર્ફે આશીકે થાનગઢ ખાતેથી એક હોન્ડા સાઇન મો.સા. જેના રજી.નં GJ-03-DD-6742 ના છે તેની ચોરી કરેલ હતી. <u>થાનગઢ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૧૧૦૫૦૨૦૦૨૮૧/૨૦૨૦ આઇ.પી.સી. ૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.</u>

(૪)આશરે અઢી મહિના અગાઉ ધમલપર-સરધારકા ચોકડી પાસે આવેલ જૈનકો રીફેક્ટરીઝ નામના કારખાનામાં મોહસીનશા ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ રાત્રી ના સમયમાં તાળુ તોડી તેમાં પ્રવેશ કરી એક સફેદ કલર ના એકટીવા મો.સા. ની ચોરી કરેલ જે મો.સા. નંબર G J 3 HQ 7311 નુ કબજે કરેલ છે. જે અંગે <u>વાકાનેર શહેર પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૧૮૯૦૦૭૨૦૦૪૩૨ આઇ.પી.સી. કલમ ૩૭૯ થી ગુન્હો દાખલ થયેલ છે</u>

(૫) આશરે ૨૦ દિવસ અગાઉ મોરબી રોડ ઉપર ગૌરીદડ ગામ પાસે આવેલ વરદાન હાર્ડવેર નામની દુકાન માંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા જહાંગીર તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ સાથે મળીને ચોરી કરેલ હતી અને આ દુકાનમાંથી એક કીષ્ના કંપની નો સબમર્શીબલ પંપ તથાં કટીંગ વ્હીલ બોકસ-૩ તથા ગ્રાઇડીંગ વ્હીલ નંગ આશરે ૧૯ તથા પકડ બોકસ-૧ તથા ફલેકસીબલ પાનુ નંગ -૧ તથા ડીસમીસ સેટ -૧ તથા કુહાડી નંગ ૧ તથા એક રકસા કંપની નુ ખાલી પાઉચ તેમજ રોકડા રૂ. ૫૭૦૦/- એમ વસ્તુઓની ચોરી કરેલ હતી. જે અંગે <u>કુવાડવા રોડ પો.સ્ટે. ગુ.ર.નંબર - ૧૧૨૦૮૦૩૭૨૦૧૩૮૧/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭, મુજબ ગુન્હો દાખલ થયેલ છે</u>

(૬) તેમજ ગૌરીદડ હાર્ડવેર ની દુકાનમાં ચોરી કર્યા બાદ રાજકોટ તરફ જતા સહકાર ઇન્ડસ્ટ્રીઝ ના ગેઇટ પાસે બાલ ગોપાલ રેસ્ટોરન્ટ સામેના ભાગે થી એક સ્પલેન્ડર મો.સા. જોવામાં આવતા મોહસીનશાહ ઉર્ફે આશીક તથા જહાંગીર તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખએ સ્પ્લેન્ડર મો.સા.નંબર G J 03 K A 2985 ની ચોરી કરેલ જે અંગે કુવાડવા રોડ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૦૮૦૩૭૨૦૧૩૮૨/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.

(૭) આશરે છએક મહિના પહેલા વાંકાનેર ખાતે પંચાસર રોડ ઉપર આવેલ સ્વસ્તીક કારાખાનામાં મોહસીનશાહ ઉર્ફે આશીક અને સલીમ બંને એ મળીને આશરે સાત થી આઠ પ્રેસ ની મોટર તથા ૨-ડાઇ તથા ભંગાર ની ચોરી કરેલ હતી

(૮) આશરે સાડા પાંચેક મહીના પહેલા મોડી રાત્રી ના મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ થાન રોડ ઉપર દલડી ગામ પાસે આવેલ જય મા સીરામીક નામના કારખાનામાંથી આશરે પાંચેક પ્રેસ ની મોટર ની ચોરી કરેલ તથા તેમાં અંદર આવેલ ઓફીસ તોડેલ પરંતુ તેમાંથી કાઈ મળેલ નહિ

(૯) આશરે સાડા પાંચેક મહીના પહેલા મોડી રાત્રી ના વાકાનેર ના પલાસડી ખાતે આવેલ એક મોમીન પ્રાથમીક શાળા પલાસડી મદરેસામાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ તથા મીતુલ પરમારે ઘઉના ૧૨ કટા તથા તેલ ના ૨ ડબા તથા ડુંગળી ના ૨ કટા તથા હળદર તથા મસાલા ની ચોરી કરેલ હતી.

(૧૦) આશરે ત્રણેક મહીના પહેલા મોડી રાત્રી ના ધમલપર સરધારકા ચોકડી પાસે આવેલ મામા સરકાર નામની હોટલમાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક અને સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ ઇન્ડેન ગેસના બાટલા નંગ-૨ તથા સોઇલ ટયુબ તથા વેફર્સ તથા ફાકી માવા ની ચોરી કરેલ હતી.

(૧૧) આશરે બે મહિના પહેલા મોહસીનશા ઉર્ફે આશીક અને સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ ચોરી ના ઇરાદે લુણસરીયા ગામ પાસે થાન હાઇવે પર આવેલ બોકળથંભા રેલવે ફાટક પાસે એક પાનની કેબીન તોડવાનો પ્રયાસ કરેલ પરંતુ તુટેલ નહી આથી ત્યાથી જતા રહેલ.

(૧૨) આશરે દોઢેક મહીના પહેલા મોડી રાત્રી ના વાંકાનેર ખાતે પંચાસર રોડ પર બાયપાસ રોડ પાસે આવેલ છાયા રીફાટેક નામની દુકાનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ ઉપરથી પતરા તોડીને તેમાં પ્રવેશ કરી તેમાંથી સીલાઇ મશીન-૧ તથા પેઇન ડ્રાઇવ નંગ-૨ ની ચોરી કરેલ

(૧૩) આશરે દોઢેક મહિના પહેલા મોરબી વાંકાનેર હાઇવે સ્ટેશન રોડ સર્વિસ રોડ પર રેલ્વે પુલ પાસે આવેલી એક કેબીનમાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ સાથે મળીને તમાકુ,વિમલ ગુટકા તથા ખાંડ વિગેરે માલ સામાન ની ચોરી ચોરી કરેલ હતી.

(૧૪) આશરે દોઢેક મહિના પહેલા જાલી ગામના પાટીયા પાસે આવેલ રવેચી મોગલ ટી સ્ટોલ નામની દુકાનમાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ સાથે મળીને એક રસના ચીચોડાની મોટર તથા દુકાનમાં રહેલ ખાવાની ચીજ વસ્તુઓની ચોરી કરેલ હતી.

(૧૫) આશરે દોઢેક મહીના પહેલા મોડી રાત્રી ના વાંકાનેર ખાતે પંચાસર બાયપાસ રોડ પાસે આવેલ શ્રીનાથ મીનરલ વોટર નામની દુકાનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક અને સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ સોપારી તથા તમાકુ તથા બ્રાક્ષ ની ચોરી કરેલ હતી.

(૧૬) આશરે એકાદ મહીના પહેલા મોડી રાત્રી ના વાંકાનેર ખાતે પંચાસર બાયપાસ રોડ પાસે આવેલ શકિત કૃપા નામની દુકાનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક અને સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરૂખ એ મળીને ચોરી કરવાનો પ્રયાસ કરેલ પરંતુ ત્યાથી કોઇ વસ્તુ મળેલ નહી.

(૧૭) આશરે એકાદ મહિના પહેલા મોરબી વાકાનેર હાઇવે ઉપર વધાસીયા ટોલ નાકા પાસે બાબા રામદેવ નામની હોટલમાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ એક રીલાયન્સ કંપનીનો ગેસનો બાટલો તથા એક ગેસનો ચુલો તથા એક અડધો તેલ ના ડબાની ચોરી કરેલ હતી.

(૧૮) આશરે એકાદ મહિના પહેલા ગંજીવાડા ના નાકા પાસે આવેલ અમરકૃપા હાર્ડવેર નામની દુકાનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક તથા જહાંગીર તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ સાથે મળીને તેમાં પતરુ તોડી ને પ્રવેશ કરી ને તેમાંથી એરોડાઇટ ની ટયુબ નંગ આશરે ૮ તથા હાથમાં પેરવાના મોજા-૨૪ તથા ચાંદીની મૂર્તી નંગ ૩ તથા સેમસંગ નો મોબાઇલ નંગ ૧ ની ચોરી કરેલ હતી.

(૧૯) આશરે ૨૫ દિવસ પહેલા કુવાડવા રોડ માલીયાસણ ગામ પાસે આવેલ એક કેબીનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક તથા જહાંગીર તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ સાથે મળીને બ્રમ્હાણી પાન નામની કેબીનનુ તાળુ તોડી તેમાંથી એક ભારત ગેસનો બાટલો તથા એક પંખો તથા પાન-માવા તથા રોકડા રૂ. ૨૦૦૦- ની ચોરી કરેલ હતી.

(૨૦) બાદ વીસ થી પચીસ દિવસ અગાઉ બેડી-ખોરાણા રોડ ઉપર આવેલ એક ફાર્મમાંથી મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સલીમ તથા જહાંગીરે સાથે મળીને એક દેડકો મોટર તથા એક ગ્રાઇન્ડર કટર મશીન ની ચોરી કરેલ હતી.

(૨૧) બાદ વીસ થી પચીસ દિવસ અગાઉ મોહસીનશાહ ઉર્ફે આશીક તથા સલીમ તથા જહાંગીરે રાજકોટ બેડી ચોકડી થી સોખડા તરફ જતા પુલ પાસે આવેલ મહાકાલ મારબલ નામના કારખાનામાં ગયેલ અને તેમાંથી ૨ ગ્રાઇન્ડર મશીન તથા ૧ કટર મશીન તથા ૧ ગ્રીલ મશીન ની ચોરી કરેલ.

(૨૨) આશરે ૧૦ દિવસ અગાઉ કુવાડવા રોડ ઉપર આવેલ તરઘડી થી આગળ આવેલ એક જય દ્વારકાધીશ ટી સ્ટોલ નામની કેબીનમાં મોહસીનશાહ ઉર્ફે આશીક તથા જહાંગીર તથા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે શાહરુખ મળીને ચોરી કરી હતી અને તેમાંથી બે ગેસના બાટલા તથા એક પંખાની તથા રોકડા રૂ. ૫૦૦/- ની ચોરી કરેલ.

> <u>નોંધાયેલ ગુન્હાઓ</u>

(૧) <u>ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નંબર- ૧૧૨૧૧૦૦૯૨૦૦૧૯૧/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ</u>

(૨) <u>થાનગઢ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૧૧૦૫૦૨૦૦૨૮૧/૨૦૨૦ આઇ.પી.સી. ૩૭૯ મુજબ</u>

(૩) <u>વાકાનેર શહેર પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૧૮૯૦૦૭૨૦૦૪૩૨/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯</u>

(૪) <u>કુવાડવા રોડ પો.સ્ટે. ગુ.ર.નંબર - ૧૧૨૦૮૦૩૭૨૦૧૩૮૧/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૮૦,૪૫૪,૪૫૭, મુજબ</u>

(૫) <u>કુવાડવા રોડ પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૦૮૦૩૭૨૦૧૩૮૨/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ</u>

(૬) <u>વાકાનેર શહેર પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૧૮૯૦૦૭૨૦૦૪૫૫/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૭૯</u>

> <u>*કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-*</u>

*રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા તથા પો.હેડ કોન્સ.- મયુરભાઇ પટેલ, અમીતભાઇ અગ્રાવત, વિરેન્દ્રસિંહ ઝાલા, તથા પો.કોન્સ. નગીનભાઇ ડાંગર તથા કુલદિપસિંહ જાડેજા સંજયભાઇ રૂપાપરા, પ્રદીપસિંહ જાડેજા , યોગીરાજસિંહ જાડેજા નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.*

> <u>ઇનામ</u> - સદરહુ સારી કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીઓ ને રૂ.૧૫,૦૦૦/- ની ઇનામ આપવાનુ મ્હે. પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામા આવેલ છે.

તા.૨૯/૦૬/૨૦૨૦

(એચ.એમ.ગઢવી)
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે
રાજકોટ શહેર.